
જ્યુટ શેર

યાને

જ્યુટ મીલોના શેરોમાં નાણું રોકનારનો ભોમીઓ.




જ્યુટની કાપણી.

પ્રકાશક.

છોટાલાલ છગનલાલ કોઠારી.

કીંમત રૂા. ૧-૮-૦



શ્રી. 'સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ' માં પટેલ મૂળચંદભાઇ ત્રિકમલાલે
છાપી. ઠે. પાનકોર નાકા—અમદાવાદ.

જ્યુટ શેર

યાને

જુટ મીલોના શેરોમાં નાણું રોકનાર

નો


ભોમીઓ.

પ્રગટ કર્તા.

છોટાલાલ છગનલાલ કોઠારી.

પ્રથમ આવૃત્તી.

કિંમત. રૂા. ૧—[illegible]—૦



બેગાળમાં હુગલી નદીના કીનારા પર કુદરતની કૃપાથી
તૈયાર થયેલા કાચા જુટને કાપી તેના પુળા
બનાવી, તેને ભીંજાવી રાખવા માટે
પાણીમાં ડુબાવે છે.

આ પુસ્તક માટેનો જાહેર અભિપ્રાય.

મુંબઈની નેટીવ શેર એન્ડ સ્ટોક બ્રોકર્સ એસોસીએશનના પ્રમુખ સાહેબ મી. કે. આર. પી. શરાફ લખે છે કે:—

મી. છોટાલાલ છગનલાલ કોઠારીએ જ્યુટ શેરને લગતી જે ચોપડી પ્રગટ કીધી છે તે મેં રસ સાથે વાંચી છે. જ્યુટની જે હકીકત ખાસ કરીને એવા શેરોમાં લે-વેચ કરવાની જે વીગતો એમાં સમજાવવામાં આવી છે તે નાણું રોકનારે ગોખી રાખવા જોગ છે. એ તો જાણીતી વાત છે કે ઇનવેસ્તરરસો હમેશાં આંખો બંધ રાખીને શેર બજારમાં ઝીપલાવે છે ને જ્યારે બજારમાં તેજી થાય છે ને ખરૂં જોતાં જ્યારે વેચવાનો વખત હોય છે ત્યારે ઉંચા ભાવે એકેકની પાછળ લેવા દોડે છે ને જ્યારે બજારમાં મંદી થાય છે ત્યારે વગર વીચારે માત્ર ગભરાટથી વેચવામાં પણ પહેલાં બહાર આવે છે, એવા ઇનવેસ્તરસો માટે આ ચોપડી એક મદદરૂપી ભોમીઓ અને સાચ્ચો સલાહકાર થઇ પડવા વગર રહેશે નહીં એવું મારૂં માનવું છે. આંકડાઓને લગતા જે કોઠાઓ આપવામાં આવ્યા છે તે પણ ઇનવેસ્તરસોને તેમજ દલાલોને ઘણા ઉપયોગી થયા વગર રહેશે નહીં. આ કોઠા એટલા બધા તો સંપૂર્ણ છે કે આટલી બધી વીગતો જ્યુટ શેરને લગતી બીજી કોઈ પણ ચોપડીમાં મારા જોવામાં આવી નથી. ગુજરાતી ભાષામાં આવી જાતની ચોપડીની જે ખુટ હતી તે આ ચોપડી જરૂર પુરી પાડશે. હું એમના કર્તા મી. છોટાલાલને દરેક ફતેહ ઇચ્છું છું.

મુંબાઈ તા. ૧૦-૪-૧૯૩૦. કે. આર, પો. શરાફ.

સેન્ટ્રલ બેન્કના મેનેજીંગ ડાયરેકટર મી. એસ. એન. પોચખાનાવાળા લખેછે કે:—

Dear Mr. Kothari,

I have gone through your "Guide on Jute Shares" and found it most interesting. It will be a great help to our Gujerati-reading public interested in investments in Jute Shares. The book gives comprehensive information for everything connected with the jute trade, and the detailed statistics relating to individual companies given therein will prove of great benefit to those who care to make an intelligent study of the position of the Jute companies before investing in them.

yours sincerely,

Bombay. 10th. April 1930. (sd.) S. N. Pochkhanawala.



અર્પણ પત્રિકા.

શ્રીયુત,

બાબુ દયારામ પોદ્દાર,

કલકત્તા.

માનવંતા શેઠજી,

મ્હારા આપ સાથેના છેલ્લાં થોડા વરસના સહવાસમાં, શેરદલાલના ધંધામાં આપનામાં રહેલું પ્રમાણીકપણું, ઘરાકોના લાભમાંજ પોતાનો લાભ દેખવાની ઉમદા સમજ, ઘરાકો તરફની શુભ વૃત્તિ અને હરહમેશ ઇનવેસ્ટર એટલે કે સાચા નાણું રોકનાર ઘરાકોના લાભ માટેના આપના પ્રયાસ વીગેરે ગુણો અનુભવતાં તે ગુણોપર આકર્ષાઇને, કલકત્તાની જુટ મીલના શેરોમાં નાણું રોકનાર ગુજરાતી આલમને ઉપયોગી થઈ પડે તેવું આ નાનકડું પુસ્તક આપના નામ સાથે અંકિત થાય એ હેતુથી આ પુસ્તક આપનેજ નમ્રતાપૂર્વક અર્પણ કરૂં છું.

હું છું,

આપના ગુણોનો આકર્ષક;

છોટાલાલ છગનલાલ કોઠારી.

પ્રસ્તાવના.

મુડીની સલામતી સાથે સારૂં વ્યાજ મેળવવા, છેલ્લાં કેટલાંક વરસથી ગુજરાતી આલમનું ધ્યાન કલકતાની જ્યુટ મીલોના શેરો તરફ ખેંચાયું છે અને એ તરફ નાણાના રોકાણની શરૂઆત કરનારાઓએ સારો લાભ મેળવ્યો છે પણ ખરો.

અનુભવે કલકતાની જ્યુટ મીલોના શેરોમાં નાણું રોકવું લાભકારક નીવડવાથી, તેમજ જેણે શરૂઆત કરી તેઓને થયેલો લાભ દેખી, તેમજ મુંબઈની કાપડની મીલોની અવદશાને લીધે, મુંબઈ ઇલાકાનો નાનો મોટો નાણાવાળો વર્ગ મોટે ભાગે કલકતાની જ્યુટ મીલોના શેરોમાં નાણું રોકવા લલચાયો છે; આવે પ્રસંગે જ્યુટ, જ્યુટના વેપારની સ્થીતી, જ્યુટના વેપારની દુનિયાની ઉપયોગીતા, ભુતકાળમાં મીલોએ કરેલા નફા અને આપેલાં વ્યાજ, ભૂતકાળમાં શેરોના ભાવોમાં થયેલી વધ-ઘટ, વેપારની ભવીષ્યની સ્થીતીની આગાહી, વીગેરે શેર-હોલડરોને યાને નાણાં રોકનારાઓને નાણું રોકતાં પહેલાં જાણવી જોઈતી માહાતીઓ અને સુચનાઓ સાથેનું પુસ્તક ગુજરાતીમાં હોય તો તે જરૂર આવકારદાયક અને માર્ગદર્શક થઇ પડે એવા આશયથી, બની શકી તેટલી દરેક માહીતીઓ મેળવી; આ નાનું પુસ્તક ગુજરાતી ભાષામાં ગુજરાતી આલમને ચરણે ધરવાનું સાહસ ઉઠાવ્યું છે.

ઇ. સ. ૧૯૨૫-૨૬ ની જ્યુટ શેરોમાં આવેલી મંદી વખતે કે જે વખતે જ્યુટ શેરોના ભાવોમાં ઘણો મોટો ઘટાડો થયો હતો, તે વખતે નાણું રોકનારાઓ જ્યુટ શેરોની ભુતકાળની સ્થીતીનું અનુકરણ કરી શકે, અને અણીને વખતે ગભરાઇને પોતાનું લેણ મુકી નુકશાન કરતા બચે તેટલા માટે મ્હારા તરફથી ઈંગ્રેજીમાં એક ચારટ બહાર પાડવામાં આવ્યો હતો અને તે ઘણાઓને પસંદ પડયો હતો. આ વખતે મ્હારા ઘણા સ્નેહીઓ અને ઘરાકો તરફથી આવી માહીતીઓ ગુજરાતી ભાષામાં પ્રગટ કરવા માગણી પણ થઇ હતી.

ઇ. સ. ૧૯૨૫–૨૬ ની મંદી પછી, બે વરસ સારી જેવી તેજી શેરોમાં થયા પછી ફરી ૧૯૨૯–૩૦ ની મંદી શરૂ થઈ છે. ૧૯૨૫–૨૬ ની મંદી કરતાં આ મંદી કાંઇક ભયંકર રૂપ દેખાડે છે, કારણકે એકલા જ્યુટ શેરોમાંજ નહીં પણ આખી દુનિયાના દરેક બજારો પર મંદીની અસર થઇ છે. આવે વખતે આ પુસ્તક નાણું રોકનાર જનતાને જરૂર ઉપયોગી થઇ પડશે એમ ધારી, આ પુસ્તકનો બહાર પાડવાનો આ સમયજ પસંદ કરવામાં આવ્યો છે.

જ્યુટ શેરોના ભુતકાળના ઈતીહાસ પર નજર ફેંકતાં દેખાઈ આવશે કેઃ–બે ત્રણ વરસની તેજી પછી એકાદ વરસ અચાનક–અણધારી મંદી શેરોમાં આવતીજ રહી છે; અને તે મંદી પછી પાછી તેજી પણ અણ-ધારી થતી રહી છે. ઇ. સ. ૧૯૨૫–૨૬ ની મંદી વખતે ભાવો જેટલા નીચા થયા હતા તેટલા નીચા હજુ થયા નથી પણ થવાની અણીપર છે એમ ગણાય; કદાચ તેથી સહેજ નીચા પણ જાય! છતાં એટલું તો કહી શકાશે કેઃ–જ્યુટનો ઉદ્યોગ સલામત છે અને સલામત રહે તેમ દેખાય છે. હેસીઅન–અને ગુણીના દુનિયાના ખોરાક માટે આખી દુનિયાને બેંગાળના જ્યુટની જરૂરીઆત છે, તેમજ દર વરસે જ્યુટની ખપત યાને વપરાશ વધતીજ જાય છે; એટલે ભવીષ્યમાં તેજીની આશા મુકવા જેવું તો નથીજ. હાલની મંદી નાનું જેવું કારણ આવતાં તેજીમાં પલટાઇ જાય તો તાજુબ થવા જેવું નથી. આવે પ્રસંગે નાણું રોકનાર પ્રસંગે શું કરવું! તે પણ આ પુસ્તકમાં મ્હારા અલ્પ અનુભવ પ્રમાણે સુચનાઓ આપવા મેં પ્રયાસ કરયો છે.

ઇ. સ. ૧૯૨૮ ના છેલ્લા મહીનાઓમાં કે જ્યારે, જ્યુટ શેરો ના ભાવો ઉછળી રહ્યા હતા ત્યારે "મુંબઇ સમાચાર" ના અંકોમાં મ્હારા તરફથી પ્રગટ થતા લેખોમાં "ભાવો ઘણા ઉંચા છે એટલે લેનારે વિચાર કરીને લેણ કરવું" એવી સુચનાઓ અવર નવર આપવામાં આવી હતી, આ પ્રસંગે એ ભાવોએ ઘણાઓના ગળામાં શેરો આવી પડયા હશે એ બનવા જોગ છે; જો કે કેટલાકોના ગળામાંથી મંદી થતાં નીકળી ગયા હશે પરંતુ મ્હારા અનુભવે મ્હને જે સમજાયું છે તે પરથી એટલું તો કહી શકીશ કે, ઘણાઓ પાસે તે લેણ હજુ સુધી પડેલા હશેજ; અને હવે તેવા લેણવાળાઓ ગભરાઈ પોતાનો માલ મુકી દેવાની અણીપર પણ હશે. એવાઓ કદાચ ભાવો આટલામાં હજુ પણ અથડાય તો મુડી પર

ભલેને વધારે નહીં તો થોડું તો વ્યાજ છુટશે જ, એટલો સધ્યારો માની થોડો વખત સબુરી પકડે અને ન ગભરાય તો વહેલે મોડે તેઓનો ભાવ તેઓને આવી મળશે એવું ભુતકાળનો ઇતિહાસ જોતાં માની શકાય તેમ છે.

નીચા ભાવ કેને કહેવા? અને ઉંચા ભાવો કેને કહેવા? તે માટે મીલને ભાગ્યવશાત ફડચામાં જવાનો વખત આવતાં છેલ્લાં સરવાયા પ્રમાણે ઓરડીનરી શેરને શું વહેંચણી મળે? આ ગણતરી પણ આ પુસ્તકના પાને ૩૭ થી ૪૦ ના કોઠાઓમાં બતાવવા પ્રયત્ન કર્યો છે. જો કે ગણુતરી બની શકે તેટલી કાળજીપુર્વક ગણવામાં આવી છે છતાં શંશય જણાય ત્યાં ફરી ગણુતરી ગણી લેવા વાંચકને વીનંતી કરવામાં આવે છે ગણતરીના દોષ પર ન જોતાં જે રીત બતાવી છે તે બરાબર છે કે નહીં તેજ જોવા વાંચકને વીનવવામાં આવે છે.

જ્યુટ શેરોના ભાવો સાથે સંબંધ ધરાવતા હેસીઅન અને ગુણીના બજારમાં ભાવોમાં છેલ્લા દશ વરસમાં થયેલી વધઘટ તપાસવી પણ ઉપયોગી થઈ પડે તેટલા માટે તેનો કોઠો પણ મુકવામાં આવ્યો છે, વળી કાચા જુટના વાવેતર-ઉતર, અને સરકારી અડસટા પણ આપલામાં આવ્યા છે, કે જે ધ્યાન પુર્વક તપાસી જતાં નાણું રોકનાર વર્ગને પ્રસંગ પર ઘણા ઉપયોગી થઇ પડશે એમ માનું છું.

આ ઉપરાંત હમણાંજ પ્રગટ થયેલા "ઈન્ડીઅન ફાઇનેન્સ" નામના ઇંગ્રેજી અઠવાડીક પેપરના "હેસીઅનનું ભવિષ્ય" એ નામના લેખનો સારાંશ ઘણો ઉપયોગી જણાયાથી તે પણ આપવામાં આવ્યો છે અને તે ખાસ ધ્યાનપુર્વક વાંચી જવા વાંચકને ખાસ ભલામણ કરવામાં આવે છે.

ટુંકમાં મ્હારાથી બનતા પ્રયાસે મેં દરેક બાબત મેળવવા કોશીશ કરી છે, છતાં કાંઇ સુધારો કરવાની વાંચકની સુચનાનો આભાર સાથે સ્વીકાર કરવામાં આવશે. અને તે સુચનાઓ બીજી આવૃતી બહાર પાડવાનો વખત આવતાં આભાર સાથે અમલમાં મેલવામાં આવશે.

આ પુસ્તક પ્રગટ કરવામાં મેસર્સ **બીશનદયાળ દયારામ**ની ફર્મના માલેક બાબુ **દયારામ પોદારે** મને કીધેલી મદદ માટે હું તેમનો આભારી છું.

આ ઉપરાંત શેઠ **જમનાદાસ મુળચંદ**ની મુંબઇના શેરદલાલની પેઢીના ભાગીદાર શેઠ **મથુરદાસ ગોવીંદજી**એ પણ મ્હારા પ્રયાસમાં આગળ વધવા મને સારી મદદ કીધી છે, એમનો પણ હું આભારી છું.

આ ઉપરાંત આ પુસ્તક વધારે ઉપયોગી થઇ પડે તેવી કાળજીથી કેટલીક ઉપયોગી બાતમીઓ મેળવી આપી પુસ્તકને વધારે ઉપયોગી બનાવવાના પ્રયાસમાં શેઠ. **મનમોહનદાસ નેમીદાસ કું.** વાળા ભાઇ **ભીખાભાઇ કોઠારીએ** લીધેલી મહેનત માટે મારે જરૂર તેમનો આભાર માનવો જોઇએ.

આ પુસ્તકમાં આપેલા મીલોના વરણુન સિવાયની બીજી મીલો પણ છે, પરંતુ કલકતાની શેર બજારમાં તે મીલોના શેરોના કામ નહીં જેવાજ હોવાથી તે મીલોની સ્થતી આપી નથી.

આ પુસ્તકમાં મારે કેટલાક ઇંગરેજી પુસ્તકોનો આશરો પણ લેવો પડયો છે અને તેથી આ પ્રસંગે તે ઇંગરેજી પુસ્તકોના કરતાઓનો પણ મારે જરૂર આભાર માનવો જોઈએ.

ટુંકમાં મુંબઈ ઇલાકાની ગુજરાતી આલમને કલકતાના જ્યુટ શેરોમાં નાણું રોકતાં મ્હારો આ પ્રયાસ માર્ગદર્શક અને લાભદાયક નીવડશે તો હું મારૂં કર્તવ્ય સફળ થયું માનીશ. અસ્તુ.

પ્રકાશક

નં. ૫૫. એપોલો સ્ટ્રીટ. **છોટાલાલ છગનલાલ કોઠારી.**

મુંબઇ તા. ૧ લી મારચ ૧૯૩૦

અનુક્રમણિકા.

જ્યુટ યાને શણ.

ફક્ત બેંગાળમાંજ પાકતા જ્યુટ યાને શણનો ઉપયોગ દુનિયાના દરેકે દરેક માણસ કરે છે. દુનિયાના દરેકે દરેક શહેર અને ગામડામાં જ્યુટ પહોંચેલું છે. કાચો માલ ભરવામાં જ્યુટના કોથળાનો ઉપયોગ થાય છે, છુટો માલ પેક કરવામાં હેસીઅનનો ઉપયોગ થાય છે, કાપડની ગાંસડીઓને કંતાન મઢવામાં આવે છે કે જે પણ જ્યુટમાંથીજ બને છે. જમીન પર પાથરવાની શેતરંજીમાં પણ જ્યુટ નજરે પડે છે, અનાજ ભરવામાં પણ જ્યુટનો છુટથી ઉપયોગ થાય છે, રાંઢવા અને રસીઓ પકડતી વખતે પણ જ્યુટ આંગળા પર અથડાય છે, પહેરવાના કપડામાં પણ ઘણી વખત જ્યુટનો તાણો તો હોયજ; નાના બચ્ચાંને રમવાના ડોલ યાને પુતળાંના વાળ જુઓ તો ત્યાં પણ જ્યુટજ નજરે પડે છે. આવા દુનિયાના દરેક નાના મોટા માણસોના હાથને અડતા અને વપરાશમાં આવતા જ્યુટ જેવા ઉપયોગી છોડના સબંધમાં બહુ થોડા માણસોજ જાણતા હશે, કે ફક્ત બેંગાળના હુગલી ડીસ્ટ્રીકટ અને ૨૪ પરગણાના ગામોજ આ સરવોપયોગી જ્યુટ પેદા કરી આપવામાં મુખ્ય ભાગ ભજવે છે, અને જ્યુટને માટે આખી દુનિયાને બેંગાળ તરફજ નજર કરવી પડે છે.

હુગલી નદીના કીનારા પરની મીલોમાંથી આ ઉપયોગી જ્યુટમાંથી બનતા હેસીયન, કંતાન, કોથળા, વીગેરે દુનિયાને મોટે ભાગે પુરા પાડવામાં આવે છે.

જ્યુટનું વાવેતર માર્ચ, એપ્રીલ અને મે મહીનાઓમાં કરવામાં આવે છે. જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, અને ઓકટોબરમાં તેને લણવામાં આવે છે. અને સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર, અને ડીસેમ્બરમાં પાક બજારમાં આવે છે. જ્યુટનું વાવેતર કેટલા એકરના વિસ્તારમાં કરવામાં આવ્યું છે; તેનો સરકારી અડસટો દર વરસે જુલાઇ મહિનામાં બહાર પાડવામાં આવે છે; અને છેલ્લો વાવેતર અને પાકની ઉતરના આંકડાનો સરકારી અડસટો સપ્ટેમ્બરમાં બહાર પાડવામાં આવે છે. સરકારી અડસટામાં પણ ઘટ-વધ થાય છે. (તે માટે પાછળ આપેલા કોઠામાંના આંકડા જુઓ.)

સદરહુ સરકારી અડસટા બહાર પડતી વખતે હેસીઅન જ્યુટ, અને જ્યુટ મીલના શેરોમાં સારી વધઘટ થાય છે.

કલકત્તાની જુટ મીલના શેરોમાં ગુજરાતી આલમનું ઘણું નાણું રોકાય છે, પરંતુ તે નાણું રોકનારામાંનો ઘણો જુજ ભાગ જુટ અને મીલની સ્થીતીથી વાકેફગાર હશે, કોઇપણ શેરોમાં નાણું રોકવા પહેલાં કંપની શું કામ કરે છે, તે કામ દુનીયાના વેપારમાં કેવો ભાગ ભજવે છે, તેની ખપત અને ઉત્પન્ન પરથી તે કામ લાભદાયક છે કે કેમ? વીગેરે નહીં તપાસવાના પરીણામે ફલાણા ભાઈ લે છે માટે લઇ લ્યો, અને શેઠ વેચે છે માટે વેચી દયોની બુમાટ પર આંધળીયો ટપો કરી નાણું રોકનાર આજે શેર સટામાં પોતાની થયેલી બરબાદીને લીધે શેરના વેપારને સટોડીયા ધંધા તરીકે વગોવે છે, પણ તેઓ એટલો વીચાર નથી કરતા કે શેર લેતી વખતે તેમણે જે સ્થીતી સમજવી કે કે જાણવી જોઇએ, તે તેઓએ બીલકુલ સમજી કે જાણી હોતી નથી. આંખ મીંચીને ચાલનારને રસ્તા પર ઠોકર વાગે અને તેથી તે સડક બનાવનાર અને પત્થર બન્નેને વગોવવાની મુરખાઈ કરે તેવીજ સ્થીતી આ બાબતમાં બની છે. એમ કહી શકાય.

કલકત્તાની જુટ મીલના શેરોમાં નાણું રોકનારને પહેલાં તો જ્યુટ એટલે શું? અને જુટ દુનીયાના વેપારમાં શું ભાગ ભજવે છે, એ જાણવું જરૂરી છે, તેથી આપણે પહેલા તે તરફ વળીએ.

હીંદુસ્તાનના વેપારમાં જુટ ઘણો આગળ પડતો ભાગ ભજવે છે. મુંબઇ જેમ રૂના વેપારનું મુખ્ય અને મોટું મથક ગણાય છે. તેમ કલકતા જુટના વેપારનું મુખ્ય અને મોટું મથક છે; ફરક માત્ર એટલો જ છે કે, મુંબઇ રૂનું મથક ખરૂં, પરંતુ રૂ અમેરીકા અને બીજા દેશોમાં પણ પાકે છે, અને તેથી જો મુંબઇ ઇલાકો રૂના પાકની તંગીમાં આવે તો દુનીયાને તેના વિના ન ચલાવી શકાય તેવી સ્થીતી નથી, કારણ કે એ પાક બીજે પણ થઇ શકે છે; જ્યારે કલકતાના જુટમાં તેવું નથી. કલકતામાં જુટનો પાક ઓછો થાય અથવા કોઈ સંજોગોમાં જુટની ઉત્પતી અટકી પડે તો, આખી દુનીયાને શણ-કોથળા, કંતાન, હેસીઅન વીગેરે માટે અટકી પડવું પડે, તેવી કલકતાના જુટના પાકની સ્થીતી હોઇ, આજે બંગાળ આવા આખી દુનીયાને અગત્યના પાકની ઉત્પતી માટે મગરૂર છે એમ કહી શકાય. જો કે બંગાળ સીવાય મુંબઇ ઇલાકામાં બીમલીપટમ નામના જુટનું વાવેતર થાય છે, પરંતુ તે રેસાઓ બંગાળના જુટ જેવા મજબુત નથી, તેમજ બહુજ જુજ પાક થતો હોઇ જુટના પાક માટે અને તેમાંથી બનતા શણ-કંતાન-કોથળા વીગેરે અગત્યની અને હમેશના વપરાસની

ખાસ ચીજો માટે આખી દુનીયાને બેંગાળ તરફજ નજર કરવી પડે એવી તે વેપારની સ્થીતી ગણી શકાય.

જુટની ઉપયોગીતાની શરૂઆત.

જુટનું વાવેતર બંગાળમાં ઘણા જુના વખતથી કરવામાં આવતું હતું, પરંતુ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના આવ્યા પહેલાં તેનો ઉપયોગ અને તેની એટલી બધી જરૂરીઆત ગણવામાં આવી નહોતી. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીએ સદરહુ જુટમાંથી વહાણના દોરડાં અને રસીઓ બનાવવા માટે આ છોડની ઉપયોગીતાની શોધ કરી, ઈ. સ. ૧૭૯૫ માં કલક્તાની બોટેનીકલ ગારડનના ડાયરેકટર ડૉ૦ રોકસબરગે આ જુટની એક ગાંઠ ઈંગલાંડ ખાતે મોકલાવી. ઇ૦ સ૦ ૧૭૯૫ માં આ મોકલાયલી ગાંઠ, અને ઇ૦ સ૦ ૧૮૨૯ માં પહેલવહેલું થયેલું ૩૬૦ હંડરવેટનું રૂ. ૬૨૦ ની કીંમતનું શીપમેન્ટ, એ બે વચ્ચેના વખતમાં થોડાં થોડાં પારસલો યુરોપ ખાતે આ છોડની યુપયોગીતા તપાસવા માટે મોકલવામાં આવેલા, અને ત્યાં એબીંગડન અને ઓકસફરડશાયરમાં સહરહુ છોડના રેસાઓના તારમાંથી સાદડીઓ અને ચટાઈઓ બનાવવાનો અખતરો કરવામાં આવેલ; પરંતુ આ છોડની વધુ ઉપયોગીતા તરફ ઇ૦ સ૦ ૧૮૧૦ સુધી તે તરફના મોટા ભાગનું ધ્યાન ખેંચાયેલ નહોતું. આ વખતે ડનડી ખાતે જુટનો ભાવ ટનના રૂ. ૧૨ નો હતો, પરંતુ ઈ૦ સ૦ ૧૮૨૦ માં ડનડી ખાતે આ જુટના સખત રેસાઓને વહેલ નામની માછલીના તેલથી નરમ બનાવવાનો અખતરો કરવામાં આવ્યો, અને એવો અભીપ્રાય બંધાયો કે, આ રીતથી એ છોડના રેસાઓમાંથી સારા અને મજબુત તાર નીકળી શકે છે. આ અખતરાના પરીણામે ઇ૦ સ૦ ૧૮૩૭ માં ડનડી ખાતે જુટનો ભાવ દર ટનના રૂ. ૨૨–૨૩ જેટલો વધવા પામ્યો હતો.

કાચા માલ (શણ) જુટનું વાવેતર આસ્તે આસ્તે વધવા લાગ્યું ઈ. સ. ૧૮૯૩ થી ૧૮૯૭ સુધીમાં એવરોજ પાક ૫૫ થી ૫૬ લાખ ગાંસડીનો થતો અને તેમાંથી કલકતાની મીલો ૧૭ થી ૧૮ લાખ ગાંસડી: ખાતી અને ૩૫ લાખ ગાંસડી લગભગ બહાર દેસાવર ખાતે ચડતી જ્યારે આજે એવરેજ ખોરાક કલકતાની મીલોનો વારષીક ૫૫ લાખ ગાંસડી જેટલો થયો છે, જ્યારે બહાર દેશાવર ખાતેનો આંકડો પણ લગભગ ૪૦ ની ઉપર અને ૫૦ લાખ ગાંસડીની અંદર આવે છે; એટલે હાલ કાચા માલનો ખોરાક લગભગ એવરેજ એક કરોડ ગાંસડી જેટલો

ગણાય. આ ઉપરથી સમજી શકાશે કે પાક એક કરોડ ગાંસડી ઉપર થાય તો કાચા માલના ભાવમાં ઘટાડો થવાનો સંભવ રહે.

જુટની ઓળખ.

દુનીયાની જરૂરીયાતને પુરી પાડનાર આ જુટનું વાવેતર મુખ્યત્વે કરીને બંગાળના પ્રાંતોમાં વહેતી ગંગા, બ્રહ્મપુત્રા અને ડેલ્ટા નદીને કીનારે થાય છે. આસામ, કુચબીહાર, બીહાર અને ઓરીસામાં પણ વાવેતર થાય છે. નદીના પુરમાં તણાઇ આવતો કચરો વરસોવરસ ખેડુને ખાતરના કોઇપણ જાતનાં ખરચ વીના પાક ઉત્પન્ન કરી આપે છે; વળી એક વખત વાવેતર કરી નાખ્યાં પછી કોઈ જાતની ખાસ દેખરેખ રાખવાની જરૂર રહેતી નથી. જુટના છોડ ૧૦ થી ૧૨ ફીટ ઉંચા થઇ શકે છે. છોડ પાકવા પહેલા તેને લણીને ભરપુર પાણીમાં ભીંજવવામાં આવે છે અને પછી તેને ધોઈ–ધોકાવી તેના રેસા જુદા પાડવામાં આવે છે કે જે, ત્યાંથી મીલોમાં જઇ કંતાઇ, વણાઇ, સુતળી, કોથળા, કંતાન વીગેરે અનેક રૂપે બહાર આવે છે.

બંગાલમાં જુટના બે જાતના રેસા થાય છે. એકને ઇંગ્રેજીમાં Corchorus Capsularus Corchorus અને બીજાને corchore olitorus કહેવામાં આવે છે. આ બેઉ જાતોમાં ફકત્ત ઉગવાના આકારમાંજ ફરક રહે છે.

જુટને ઘણી જાતોથી ઓળખવામાં આવે છે, જેવી કે દેશી, દેશવાળ, દેવરા, વીગેરે જાતોના નામ રહે છે અને તેમાં જે પરગણામાં તે પાક થયો હોય તે પરગણાનું નામ પણ બોલાય છે. જેમકે નારાયણગંજનો પાક નારાયણગંજી, અને શીરાજગંજનો પાક શીરાજગંજી કહેવાય છે. આ બધી ઉપર જણાવેલી જાતો સારી ગણાય છે; તેમજ આ બે પરગણાનો માલ વધારે અને સારો થાય છે.

ચમકદાર રંગ—કુમાશવાળા અને લાંબા તાર, એ સઉથી ઉંચી જાત ગણાય છે. કેટલીક મીલો નરમ શણ વધારે પસંદ કરે છે, જ્યારે કેટલીક મીલો સખત શણને વધારે પસંદ કરે છે. કોથળા બનાવનારી મીલો મુખ્યત્વે સખત શણ પસંદ કરે છે; અને કેટલીક મીલો તો એકદમ કુમાશવાળું અને નરમ શણ પસંદ કરે છે; આ પસંદગીનો આધાર તેઓની બનાવટ ઉપર રહે છે. રીજેકશન હલકી જાતનો માલ ગણાય છે,

જ્યારે કટીંગ છોડના છેડાનો મુલીઆનો સખત ભાગ હોય તેને કહેવામાં આવે છે. આ પ્રમાણે સારા હલકા માલમાં પણ ફરક રહે છે, અને તે પ્રમાણમાં તેના ભાવોમાં પણ તફાવત રહે છે.

હેસીઅન બનાવવામાં, ૮૫ ટકા સારો માલ, અને ૧૫ ટકા રીજેકશન વપરાય છે. કોથળા બનાવવામાં પણ રીજેક્શન અને B, T; R,' S ની મેળવણી થાય છે.

બેલરો:—(ગાંઠ બાંધી રાખનારાઓ) અને **શીપરો**:—(માલ ચડાવનારાઓ) અમુક મારકો આપી, સારી નબલી જાતની ગાંસડીઓ બાંધે છે; અને તેવા બંધાયલા માલના ભાવો વેપારીના મારકા પર બોલાય છે.

રૂ કરતાં જુટમાં સાફસુફ કરતી વખતે ઘટ ઓછી આવે છે.

કાચા જુટના ભાવો.

ઈ૰ સ૰ ૧૮૫૧ માં ૪૦૦ પાઉંડની એક ગાંઠની કીમત રૂ. ૧૪-૮-૦ જેટલી હતી, ઈ. સ. ૧૯૦૬ માં ૫૭-૮-૦ જેટલો ભાવ ચડયો, પરંતુ ત્યારબાદ ઇ. સ. ૧૯૦૮–૯ માં આ ભાવો ઘટીને ૩૨-૮-૦ સુધી નીચા ગયેલા. ઇ. સ. ૧૯૧૨ માં ૫૪, અને ઇ. સ. ૧૯૧૩ માં પાછું બજાર ઉંચકાઇને રૂ.૭૧ સુધી ઉપર ગયેલું; અને ૧૯૧૪ ના એપ્રીલમાં એ બજાર ૮૬ ઉપર પહોંચેલું. આ ભાવો ઈ.સ. ૧૮૮૦–૮૪ ના ભાવો સાથે સરખાવતાં ત્રણ ગણા ઉંચા ભાવો થયા ગણાય; ઈ. સ. ૧૮૩૮ માં ડનડી ખાતે જુટના રેસાઓમાંથી પાવર લુમો પર વણાટકામ શરૂ થયું, અને ઇ.સ. ૧૮૫૪–૫૬ ની કરીમીનીઅન વોર વખતે રશીઅન શણ મળતું બંધ થતાં, તથા ઇ. સ. ૧૮૬૧–૬૩ ની અમેરીકન સીવીલ વોર વખતે રૂ મળતું બંધ થતાં, બંગાળના એ જુટની જરૂરીઆત વધવા લાગી; અને ઇ. સ. ૧૮૮૨–૮૩ માં ડનડી ખાતે ૫૧૭૪૫૦ ટન જુટનું શીપમેન્ટ થવા પામ્યું. ત્યાર પછી આસ્તે આસ્તે તે આંકડો વધતોજ રહયો છે, અને આજે ૧૯૨૭ ના જુલાઈથી ૧૯૨૮ ના જુન સુધીનો આંકડો ૪૮,૯૨૨,૨૮ ગાંસડીનો અંકાય છે.

કાચા માલના ભાવોની વધઘટ ઉપર અને તેમાંથી બનતા હેસીઅન, કોથળા, કંતાન વીગેરેના ભાવો પર શેરોમાં પણ વધઘટ થયા કરે છે. કાચા માલના ભાવો સાધારણ અત્યારના વખતમાં રૂ. ૬૦ ની આસપાસ ગણાય છે. ૧૯૨૫ માં પાક થોડો થવાને લીધે એ ભાવો રૂ, ૧૪૦ સુધી ઉંચા થયા હતા; જ્યારે શેરો હાલના ભાવોથી ૫૦,૧૦૦ ટકા જેટલા નીચા હતા. કાચા માલના

ભાવો વધે અને તેમાંથી બનતા કંતાન કોથળા વીગેરેના ભાવો પડયા રહે તો, શેરોમાં ઘટવાની અસર થાય; અને કાચા માલના ભાવો ઘટે અને કંતાન વીગેરેના ભાવો મજબુત રહે, તો શેરોના ભાવોમાં વધવાની અસર થાય. તે ઉપરાંત કાચા માલના ભાવો સામે તેમાંથી બનતા માલના ભાવોની સરખામણી અને ગણતરીપર પણ શેરના ભાવોમાં વધ-ઘટ થાય છે. કોઇ કોઇ વખત અમુક મીલના શેરોના ભાવો વધે છે, જ્યારે અમુકના ભાવો પડેલા રહે છે. તેનું કારણ કેટલીક વખત એવું હોય છે કે:-હેસીઅનનો ભાવ અને માંગ સારી હોય અને કોથળાના ભાવોમાં સહેજ મંદી અને માંગ ઓછી હોય તો તે વખતે જુટ મીલોમાં જે મીલની પાસે હેસીઅનની વધારે લુમો હોય તેમાંજ ઉછાળો આવે; તેજ પ્રમાણે કોથળા વીગેરેનાં ભાવોમાં ઉછાળો હોય, અને કાચા માલના ભાવો નીચા હોય અને હેસીઅનના ભાવોમાં નરમાશ હોય તો, જે મીલો પાસે કોથળા Sacking લુમ વધારે હોય તેના ભાવોમાં ઉછાળો આવે. આ ઉપરથી શેરોમાં કામ કરનાર સમજી શકશે કે તેઓએ કાચા માલ સાથે તેમાંથી બનતા પાકા માલના ભાવો પર પણ ધ્યાન આપવું જરૂરી છે, તેની સાથે મીલો પાસે કઈ ચીજ બનાવવાની કેટલી લુમો છે? તે પર પણ ધ્યાન આપવું જરૂરી છે. અમોએ આ બાબત પાછળના કોઠાઓમાં આપેલી છે.

ઇ. સ. ૧૯૧૩ ના ઉંચા ભાવો જોઇ ખેડુતોએ ચોખા વીગેરેનો પાક ઓછો કરી, જુટનું વાવેતર વધારે પ્રમાણમાં કીધું; એટલે ઈ. સ. ૧૯૨૪ માં દુનીયાની ખપત કરતાં ૨૦ લાખ ગાંઠ વધારે ઉત્પન્ન થઈ પડી, તે ઉપરાંત લડાઇને લીધે જરમની અને ઓસટ્રીઆએ માલ ખાધો નહીં; તેમજ બીજા દેશાવરોએ પણ આગળના વરસો કરતાં બહુ ઓછો માલ ખાધો, એટલે કાચા માલનો વધારો થઇ પડયો; એને લીધે ઇ. સ. ૧૯૧૪ માં કાચા માલનો ભાવ ૩૧ સુધી નીચો ગયો. ત્યાર પછીના વરસોમાં નીચા ભાવને લીધે ખેડુતોએ પાક ઓછો વાવ્યો, અને એ ઓછો પાક પણ લડાઇને લીધે બહાર દેશાવરની માંગ ઓછી થવાથી, તથા ઇ. સ. ૧૯૧૭ ના ફેબરવારીથી કાચું શણ નીકાશ કરવાની સરકારી મનાઇ થવાથી (લડાઇને લીધે લાઇસન્સ સીવાય માલ ચડાવવા દેવામાં આવતો નહી) પરીણામે કાચા માલનું બજાર સારા પ્રમાણમાં ઘટેલુંજ રહયું; અને લડાઇના વખતમાં એ બધો નીચા ભાવનો માલ કલકતાની જુટ મીલોને મળ્યો, અને તે નીચા ભાવની બનાવટ ખાસ લડાઇમાં રેતી ભરવાના કોથળા બનાવવામાં

અથવા તેવી બીજી ઉપયોગી ચીજોમાં થઇ. કલકતાની મીલો સીવાય બીજે કોઇ ઠેકાણેથી એ માલ સરકારને મળી શકે તેમ નહીં હોવાથી એ માલનો ઘણો ઉંચો અને સારો ભાવ કલકતાની મીલોને મળ્યો, કે જે વખતના નફામાંથી આજે કલકતાની જુટ મીલો કરોડોના નફા રીઝરવમાં રાખી શકી છે.

કાચા જુટના મોટા ઘરાકો.

હીંદુસ્તાનના જુટના કાચા માલના મોટા ઘરાકોમાં યુનાઇટેડ કીંગડમનો નંબર સહુથી પહેલો આવે છે. જરમની કે જે જુટમાંથી સાદડી–ચટાઇ–ગાલીચા–ધુસા–બનુસ અને હમણા ઇમીટેશન સીલ્ક (બનાવટી રેશમ) બનાવે છે, તેનો નંબર બીજો આવે છે. જરમનીનો ખોરાક ૮ લાખ ગાંઠ ગણાય, આસ્ટરીયા ૨ થી ૨ાા લાખ ગાંઠનું ઘરાક ગણાય, ઇટાલી અને સ્પેન પણ થોડો માલ ખાય છે; બાકીનો હીસ્સો યુનાઇટેડ કીંગડમનો ગણાય. ડનડી ખાતે એ કાચા જુટના રેસામાંથી તેના સુતર જેવા ઝીણા તાર બનાવી, કોથળા વીગેરેનું વણાટકામ કરવામાં આવે છે. અને ડનડીમાં બનતા માલ ઉપરાંત અમેરીકાને મોટા જથામાં કલકતાનો માલ પણ ખાવો પડે છે.

કાચા જુટની નીકાશ.

જુટનું વાવેતર માર્ચ એપ્રીલ તથા મે મહીના સુધીમાં કરવામાં આવે છે; અને જુલાઇથી સપટેમ્બર સુધીમાં પાક લણી નાખવામાં આવે છે. સપટેમ્બરથી ડીસેમ્બર સુધીમાં કાચો માલ જુટ (શણ) ખેડુત પાસેથી consumer (વપરાશ માટે લેનારાઓ) પાસે જતાં; વચ્ચે ઘણા વેપારીઓના હાથમાં ફરી જાય છે. ખેડુતો નાના વેપારીઓને માલ વેચે છે, અને તે વેપારીઓ નાનો નાનો જથ્થો એકઠો કરી મોટા દલાલોને તે માલ વેચે છે; મોટા દલાલો (અરથદારો) પાસેથી તેઓને પઇસા અગાઉથી મળે છે, અને તે પઇસા તેઓ ખેડુતોને અગાઉથી આપે છે. આ અરથદારો અને નાના વેપારીઓ તે માલ મીલમાલેકોને વેચે છે. કોઇ કોઇ મીલો ખેડુતો પાસેથી સીધી ખરીદી પણ કરે છે. આવા અરથદારો અને નાના વેપારીઓનો મોટો ભાગ મારવાડી પ્રજા છે, તેઓ માલ કલકતા લાવી, તેને સાફસુફ કરી, જુદા જુદા ભાગો કરી બહાર દેશાવર ચડાવે છે. તેમજ મીલોને પણ વેચે છે. બહાર દેશાવર ખાતે ચડાવવાની ગાંઠો ૪૦૦ પાઉંડની બંધાય છે અને ભાવ અને શીપમેન્ટ એ ગાંઠના ઉપર થાય છે. કાચા જુટના ભાવોમાં પણ રૂની

માફક મોટો સટો ખેલાય છે. અને એ સટાના પરીણામે તઇયાર માલના ભાવોમાં ઘટ-વધ થયા કરે છે. આ સટો ખેલનારનો પણ મોટો ભાગ મારવાડી વેપારીઓ છે; કે જેઓ કાચા માલના ઉપર જણાવ્યાં પ્રમાણેના અરથદારો હોય છે. તેઓને દર વખતે કાચા માલની ઉત્પતીના, ગામડાંઓના વખતો વખત ખબર રહ્યા કરે છે. અને તે ઉપર તેઓ સટામાં પણ લે-વેચ કરી ભાવોની વધઘટ કરે છે. ખરી રીતે ખેડુતોને તો મહેનતના પ્રમાણમાં જોઇએ તેવા ભાવોનો ચાનસ મળતો નથી, પણ ખરો નફો તો આવા અરથદારોજ ખાઇ જાય છે. આવી સ્થીતી હીંદુસ્તાનના લગભગ દરેક કાચા માલની છે, અને દરેક ચીજોમાં સટો ખેલાય છે; આ સટો બંધ ન થાય ત્યાં સુધી ખેડુતોને મહેનતનો લાભ મલી શકે તેમ નથી.

ખેડુતો પાસેનો કાચો માલ સપટેમ્બરથી ડીસેમ્બર સુધીમાં આવી જાય છે, અને તે વખતે મીલો પોતાનો વારસીક વપરાસનો મોટો ભાગ કાચો જુટ ખરીદી લે છે. શીપરો (દરીયા પારના મુલકોમાં મોકલનારા) અને ગાંઠો બંધાવી રાખનાર-બેલરો પણ આ પ્રસંગેજ-ખેડુતો પાસેથી જુટ લઇ લે છે કે જે, પછીથી આસ્તે આસ્તે જરૂરીઆતના અને માગના પ્રમાણમાં વેચી ભાવની વધઘટનો લાભ લે છે.

જુટ મીલોની શરૂઆત અને તેથી ખેડુતોની પ્રગતી કે વિનાશ ?

આ પ્રકરણમાં આપણે હવે સાંચાકામ યાને યાંત્રીક વીદ્યા અને તેના પરીણામ તરફ નજર કરીએ.

ઇ. સ. ૧૮૫૪ સુધી યાને અઢારમી સદીના મધ્ય ભાગ સુધી જુટમાંથી યંત્ર વીદ્યાથી કોથળા-કંતાન બનાવવાની શરૂઆત થઇ નહોતી, ત્યાં સુધી તો બંગાળના ખેડુતો પોતાના ઝુંપડાઓમાં કોથળા, રસી અને મુંબઇ ઇલાકામાં બંધાતી કપાસની ગાંસડીઓ બાંધવાના ખરબચડા કાપડ-જેને પટીઆ કહેવામાં આવતું તે બનાવતા. ખેડુતો પોતાને ખેતીમાંથી કામ ખલાસ થયા પછીના નવરાસના વખતના છ માસમાં, પોતાના આખા કુટુંબને કામે લગાડી, એ ચીજો બનાવી, સુખી જીવન ગાળતા હતા. દરેક ઝુંપડામાં હાથવણાટની શાળો રહેતી, અને તેમાં પોતાની વપરાસ માટેનું કાપડ બનતું, તે ઉપરાંત પોતાનાજ ખેતરોમાં ઉત્પન્ન થયેલા જુટનું વણાટકામ પણ થતું; અને એ ગૃહઉદ્યોગથીજ ખેડુતો અને તેનું કુટુંબ પોતાની નવરાસનો એવો સદ્દઉપયોગ કરતા કે જેથી

તેઓ બારે માસ બહુજ આનંદ અને સંતોષથી રહી શકતા. ટુંકમાં આટલે સુધી ખેડુ વર્ગ બહુ સુખી હતો. ઘણી ઘણી ઉપયોગી ચીજો જેવી કે રસી, કંતાન, પાથરવાની શેતરંજી, અનાજ ભરવાના કોથળા અને ગરીબ ખેડુતોને પહેરવાના કપડાં પણ જુટમાંથી હાથવણાટની શાળપર બનાવવામાં આવતાં, અને એ સર્વ બનાવટ દેશમાંજ ખપી જતી. ખેડુતને એ ચીજોના પૈસા તુરત ઉત્પન થઇ જતા, પરદેશીઓ પણ પુષ્કળ ચીજો લઇ જતા અને એ રીતે એ વેપાર યાને ગૃહઉદ્યોગ બહુ સારો ચાલતો. ખાધખોરાકની ચીજો પણ એ વખતે સસ્તી મલતી, આ પ્રસંગે ખેડુત વર્ગ બહુજ સાદાઈ અને સુખમાં જીવન નીભાવતો.

ઇ. સ. ૧૮૫૫ પહેલાં ડનડીના વેપારીઓએ કાચો માલ લઇ ત્યાં મશીનરીથી કંતાન, કોથળા વીગેરે ચીજો બનાવવાનું શરૂ કરી દીધું હતું. યાને બંગાળના સુખી જીવન ગુજારતાં ગરીબ ખેડુતોના દુરભાગ્યની શરૂઆત ડનડીના વેપારીઓને હાથે થઇ ચુકી હતી. ડનડીની મીલોએ મુંબઇમાં ચાલતા બંગાળના ફટીઆ સામે બરાબર હરીફાઇ શરૂ કરી દીધી હતી.

અધુરામાં પુરૂં માનચેસ્ટરથી કાપડ આવવાની શરૂઆત થઈ ચુકી હતી. બંગાળ–બીહાર અને ઓરીસાના ગરીબ ખેડુતોને માનચેસ્ટરનાં ઝીણાં–સુંવાળા કાપડ આગળ જુટનું ખડબચડું કાપડ શેનું ગમે ? એટલે આસ્તે આસ્તે જેમ જેમ મીલ વણાટના કાપડની માંગ શરૂ થવા લાગી તેમ તેમ જુટના કાપડનો ઉપયોગ કમતી થતો ગયો, અને ખેડુતોને પોતાના ઝુંપડાની શાળો ચલાવવી પોશાઇ શકી નહીં, એટલે ખેડુતોએ કાચો જુટ પરદેશીઓને વેચવો શરૂ કર્યો. પરદેશીઓને તો એજ જોઇતું હતું, આસ્તે આસ્તે ગૃહઉદ્યોગની નાબુદી કરી પોતાનું યાંત્રીક બળ વધારવું હતું. ખેડુતો હરીફાઇમાં નહીં ટકી શકવાથી એ શાળો ધીમે ધીમે બંધ થતી ગઇ. અને આજે તદન બંધ છે એમ કહીએ તો ચાલી શકે. જે છ મહીના બંગાળનો ખેડુત અને તેનું નાનું કુટુંબ શાળ પર કામ કરી પોતાનો વખત પેદાશ વધારવામાં પસાર કરતું તેને બદલે હવે તે વખત હુકો ભરી ચોરે બેસી ગપ્પા મારવામાં ગાળે છે. એક તરફથી ગ્રહ ઉદયોગનો નાશ, અને તેને અંગે આવકની ખોટ, બીજી તરફથી સફાઈદાર કાપડનો માનચેસ્ટરે વધારી મુકેલો શોખ અને તેને લઇને પઇસાની જરૂરીઆત વધવાથી ખેડુત વર્ગ આસ્તે આસ્તે શાહુકારોનો દેણદાર થવા લાગ્યો; બીજી બાજુથી લોરડ કોરનવાલીસે બાંધેલી જમાબંધીથી બંગાળના ખેડુતો જમીનદારોના હાથના રમકડાં જેવા બના તેઓનીજ દયાપર જીવવા જેવી સ્થીતીમાં આવી

પડયા. આ રીતે એક વખત બંગાળના ખેડુતોના હાથના વણેલા કોથળા ઇજીપ્ત અને અમેરીકા વીગેરે દેશોમાં વખણાતા તેજ ખેડુતોને, આજે ફકત પરદેશીઓના માટે પાક ઉત્પન્ન કરી, તેઓ જે કાંઇ ટુકડો ફેંકે તે તરફ સંતોષ રાખી; નવરાશના વખતમાં બીજી જરૂરીયાતો પુરી પાડવા માટે મીલોમાં નોકરી કરવા તેઓની ખુશામત કરવાનો વખત આવી લાગ્યો છે.

યુરોપીયન શોધકોની યાંત્રીક વીદ્યાએ હીંદને તારી દીધું છે કે પાયમાલ કીધું છે! એ ચરચાનો આ વીષય નથી, છતાં ગ્રહઉદ્યોગના નાશથીજ અને યાંત્રીકવિદ્યાની શરૂઆતથીજ ખેડુતોની અને દેશની ગરીબ સ્થીતી થઇ છે; એમ કહેવું કાંઇ ખોટું નથી.

ઇ. સ. ૧૮૫૫ પહેલાં ડનડીની મીલોએ કાચો જુટ હીંદમાંથી લઇ યાંત્રીક વીદ્યાથી તેનો પાકો માલ બનાવી, હીંદમાં મોકલી, હીંદમાંથીજ નાણું ખેંચવા માંડેલું, પણ ઇ. સ. ૧૮૫૫ માં જયોરજ ઓકલેન્ડ નામના એક અંગ્રેજ ગ્રહસ્થ કે જેણે સીલોનમાં કોફીના વાવેતરમાં સારો પૈસો પેદા કીધેલો તેણે, અને શીરામપુરના એક પ્રતીષ્ઠીત બંગાળી બાબુ બીસમભર સેને સાથે મળી ડનડીની માફક બંગાળમાંજ મીલ ખોલી, બંગાળમાંજ યાંત્રીક વિદ્યાથી કાંતવાનું અને વણવાનું કામ શરૂ કરવાની ગોઠવણ કીધી, અને એક દીવસમાં ૮ ટન કાચા જુટમાંથી સુતર કાંતી શકાય તેવી નાની મીલની શરૂઆત થઇ.

ઇ. સ. ૧૮૫૮ માં આ શરૂ થયેલી નાની મીલમાં આગ લાગી અને મશીનરી તથા સ્ટોર વીગેરે બધું બળી ગયેલું. આ વખતે ઓકલેંડ વીલાયતમાં હતો, તેણે તુરતજ ડનડીમાં બીજી મશીનરી માટે ઓરડર મુકયો. અને **રીશરા જુટ મીલ કંપની લીમીટેડ** નામની મીલ ઉભી કરી. ઇ. સ. ૧૮૬૭ માં મીલ નુકશાનમાં આવી ગઇ; આ વખતે મી૦ ઓકલેન્ડ પોતાનો ભાગ કાઢી નાંખી રીટાયર થયો, અને ઈ. સ. ૧૮૬૮ માં કંપનીને દીવાળું કાઢવાનો વખત આવ્યો. મેસરસ બોરાડેલ સ્કીનર કે જેનો મોટો ભાગ આ મીલમાં રોકાતો હતો તેણે તે ખંડી વાલી, અને બીજું વધારે નાણું રોકી, ઇ. સ. ૧૮૭૨ માં **કલકત્તા જુટ મીલ્સ લીમીટેડ** નામે કામ ચાલુ કીધું અને ઇ. સ. ૧૮૭૭ માં મેસરસ એ. આર. મેકીનટોશ કું૦ લી૦. ના નામ પર મેનેજીંગ એજન્સી ફેરવાઇ. આ પ્રમાણે જુટ મીલોની શરૂઆત થઇ.

આજે એક દીવસમાં ૪૮૦૮ ટન જુટનું સુંતર કંતાય અને ૮૦૦૦ માઇલ સુધી પહોંચી શકે તેટલું હેસીઅન (કાપડ) નીકળી શકે તેટલી મશીનરીઓ હુગલીના કીનારા પર ચાલુ છે.

જુટમાંથી કલકત્તાની મીલોમાં બનતા માલનો નીકાશ.

જુટમાંથી બનતા હેસીઅન અને કોથળા વીગેરેનો કયાં કયાં વધારે પ્રમાણમાં નીકાશ છે, તે જાણવું જરૂરી થઇ પડશે-હેસીઅનનું કાપડ વધારે ખાનારા દેશોમાં નોર્થ અમેરીકા, કેનેડા અને સાઉથ અમેરીકા મોટા પ્રમાણમાં કાપડનો ઉઠાવ કરે છે. ત્રીજો નંબર ગ્રેટ બ્રીટનનો છે અને ચોથા નંબરે આસ્ટ્રેલીયા આવે છે, ત્યાર પછી કોનટીનેન્ટ અને ત્યાર પછી ઇજીપ્ત, લીવેન્ટ અને ન્યુઝીલન્ડ આવે છે. આફ્રીકા, પરસીઅન ગલફ, કેપકોલીની, મોરીસીઅસ એ બધા કાપડ (હેસીઅન) ખાય છે; પણ પહેલા નામવાળાથી ઘણુંજ ઓછું. હીંદુસ્થાનમાં મલબાર અને કોરોમાનડલ કાંઠો પણ કાપડનો ઉઠાવ વધારે કરે છે. પહેલે નંબરે નોરથ અમેરીકા અને કેનેડા, બીજે નંબરે ગ્રેટબ્રીટન, આસ્ટ્રેલીયા, ચીન, જાપાન, સ્ટરેઈટ સેટલમેન્ટ, અને ત્યાર પછી બીજા દેશો આવે છે. હીંદુસ્તાનમાં બરમા ખાતે ચોખા ભરવાના કોથળાનો ઉઠાવ સારો થાય છે. (વધારે વીગત માટે પડતનો કોઠો જુઓ)

કલકતાના હેસીઅન અને ગુણી બજારમાં પણ જેમ મુંબાઇમાં કાચા માલોમાં મોટો સટો ખેલાય છે તેમ સટો ખેલાય છે. જેને લઇને ભાવોમાં કેટલીક વખત માંગ ઓછી હોવા છતાં મોટો ઉછાળો થઈ આવે છે. જયારે માંગ સારી હોવા છતાં કેટલીક વખત બજારને સટાવાળાઓ દબાવી પણ દે છે.

શેરોમાં નાણું રોકતા પહેલા, જેમ વેપાર, વેપારની સ્થીતી, કાચામાલના ભાવોની સરખામણી સાથે તેમાંથી બનતા માલની પડતર, તે બનતા માલની બજારની માંગ, તેના ભાવોની સરખામણી પરથી મીલો (કારખાનાઓને) થતા ફાયદાનો અંદાજ, વીગેરે તપાસવાનું રહે છે, તેમ તેની સાથે સટા બજારના ઘડી ઘડીના બનાવો અને ગપગોળાઓ પર ભાવોમાં થતી અસર પર પણ જરૂર શેર-હોલડરોએ ધ્યાન આપવું ઘટે છે. દાખલા તરીકે ઘણી વખત એવું બને છે કેઃ--કાચા જુટના ભાવોની સરખામણીમાં તેમાંથી બનતા માલના ભાવોને તપાસતાં, મીલો ઘણો સારો નફો કરી શક્તી હોય એવું દેખાય છે; છતાં તેનાં શેરોના ભાવોમાં કાંઇપણ અસર વધવાની થવાને બદલે

શેરોના ભાવોમાં નરમી ચાલતી હોય છે. તે વખતે ઇન્વેસ્ટરો ગોટાળામાં પડી જાય છે, આનું કારણ મોટે ભાગે પાકા માલના ભાવો કાં તો સટાવાળાઓની ચાલાકીથી વધેલા હોય છે, અને કાંતો ચમકતું ભવીષ્ય જોઇ શેર બજારમાં જોબર તરીકે દલાલી કરતા દલાલોની સાચા નાણું રોકનારને મુંઝાવી–ગભરાવી નીચા ભાવે તેમનો માલ પડાવી લેવાનું હોય છે.

શેર બજાર.

અગાઉ જણાવી ગયા છીએ કેઃ—યાંત્રીક વીદ્યાના ઉત્પન દાતાઓએ હીંદુસ્તાનની પાયમાલીનો પાયો રોપ્યો છે કે હીંદુસ્તાનના ઉધ્ધારનો ? તે સવાલ વીચારવા જેવો થઈ પડે તેમ છે, તેમ આ શેર બજારો કે જે પણ તેજ યાંત્રીક વીદયાના ઉત્પન્નદાતાઓના દેશનાજ કળાબાજ પ્રવીણ માણસો, અને કુહાડીના હાથારૂપ આપણા દેશભાઇઓના ભેગા ભેજાંમાંથી ઉત્પન્ન થયા છે; અને તે બજારોના બંધારણો એવી કુશળતાથી ઘડાયલા હોય છે કે ભલા ભલા બુધ્ધીશાળી ઇનવેસ્ટરો પણ ચકરમાં ચડી જાય છે, અને તેથી સાચા દલાલની સાચી સલાહ કે જે લાંબે વખતે જરૂર સાચી બની બતાવે છે તે, થોડા વખતને માટે તો એ સલાહપર ચાલનારા ઈનવેસ્ટરોના ગેરલાભની થઇ પડે છે. આપણા હીંદુસ્તાનના ઇનવેસ્ટરો યાને શેરોમાં નાણું રોકનાર આલમ, નાણું રોકતી વખતે સીંહના કાળજાનું જોર બતાવી શકે છે, પણ તેમાં થતી ટુંક સમયની સટાશાહી ઉથલપાથલ વખતે વો એક ભોળા–ભટાક પારેવાના કાળજાની હીંમત સાથે પણ બરાબરી કરી શકતું નથી; વળી આપણામાંનો મોટો ભાગ ઈનવેસ્ટરો ગાડરીયા પ્રવાહની માફક અને વગર મહેનતે કોઇની રૂખપર કમાવાની વધારે ઇચ્છા રાખે છે; એકે એકમાં કમાઈ લીધું તો તેમની પાછળ વગર વીચારે દોરાવામાં પાછી પાની કરતા નથી, અને તેથીજ શેરના સટાની બે ત્રણ વખતની બુમોએ મુંબઇ ઇલાકામાં કાંઇક કુટુંબોની પાયમાલી કરી છે અને કાંઇકને બીચારાને આપઘાત કરવાના વખત આણ્યા છે.

આપણે આ વીષયમાં શેરબજારના કાયદા અને શેરબજારની ચાલાક રીતભાતો અને કાર્યક્રમ ઉપર ચરચા કરવાની નથી, પરંતુ આ વાંચકમાંના સાચા ઇન્વેસ્ટરોએ જોઇ તપાસી સારામાં સારૂં રોકાણ ગણી શકાય તેવે ઠેકાણે નાણા રોકેલ હોવા છતાં, અને ભવિષ્યમાં તે રોકાણ સારામાં સારૂં વ્યાજ ઉત્પન્ન કરી શકે તેવું અને નાણાની સલામતીવાળું હોવા છતાં, શેરબજારના ચાલાક સતાવાળાઓ અવનવા ગપગોળા ઉડાવી ભાવોને એટલા

ગભડાવી પાડે છે કે બીચારા ઇનવેસ્ટરો પોતાનો માલ ગભરાટમાં નીચા ભાવે છોડી દે છે. અને તેથી ઈનવેસ્ટરોએ નીચેની સુચના પર ધ્યાન આપવું જરૂરી ગણાશે.

ઇનવેસ્ટર એટલે નાણું રોકનારે નાણું રોકતાં પહેલાં નાણું કયાં અને કેમ રોકાય છે, તે પહેલું તપાસવું અને નાણાની સલામતી સાથે સારૂં વ્યાજ મલી શકતું હોય તેવે ઠેકાણે નાણું રોકયા પછી તે શેરોના રોજના ભાવોપર નહીં, પણ જે કારખાનામાં નાણું રોકાયું હોય તે વેપાર અને કારખાનાની સ્થીતી જ તપાસવી. જ્યારે કારખાનું ભયમાં આવી પડે તેમ લાગે અથવા વેપાર બગડતો દેખાય, ત્યારેજ માલ વેચવા વીચાર કરવો; બાકી દરરોજ છાપાઓમાં છપાતા ગપગોળા પર અને ઉંચા નીચા ભાવોના આંકડા પર નજર કરે તો ઉંચામાં માલ લેવાઈ જાય ને નીચામાં માલ મુકાઇ જાય તેવો ઘાટ બને છે. શેરબજારમાં સટાના નામે એટલી બધી ઉથલપાથલ થાય છે કે, કંપની નફો કરે છે કે નુકશાન ? વ્યાજ આપે છે કે નહીં ? વ્યાજ આપી શકે તેમ છે કે નહીં ? ચાલુ વરસમાં નફો છે કે નહીં ? વ્યાજ આપશે કે નહીં ? કંપની ફાયદામાં કામ કરે છે કે નુકશાનમાં ? આવા ખરા પોઇંટો શેરોના ભાવો ઘટવાની તરફેણમાં હોવા છતાં શેરોના ભાવોમાં મોટો ઉછાળો આવે છે, અને એજ કારણો શેરોના ભાવો વધવાની તરફેણમાં હોવા છતાં ભાવો ઘટવા માંડે છે.

ઇનવેસ્ટરોએ શેરોમાં રોકાણ કરવામાં દલાલોની સલાહ ઉપર અને સટોડીઆઓએ ઉત્પન્ન કરેલી સંજોગોની તાત્કાલીક સારી માઠી અસર તરફ દોરવાઇ નહીં જતાં, પોતે પણ સંજોગો પારખતાં અને તે ઉપરથી પોતાનો નીરણય કરતાં શીખવું ખાસ જરૂરનું છે, જો કે આ વીષય એ ચરચાનો નથી છતાં આટલું વીષયાંતર એટલા માટે કરવું પડયું છે કે કલકતાની જુટ મીલોની અથેતી સ્થીતીપરથી વાંચકને એટલું તો સમજી શકાશે કે બંગાળનો જુટનો વેપાર, જ્યાં સુધી દુનીયા બીજા કોઇ સસ્તા જુટના રોપની શોધ ન કરે ત્યાં સુધી દીન પરદીન વૃદ્ધીગત થતો રહે તેમ છે. વળી કલકતાની જુટ મીલોએ સ્થાપના પછી અત્યાર સુધીમાં ઘણા સારા નફા કીધા છે અને મીલો અત્યારે ઘણી તરતી થઇ ગઇ છે. એટલે તે તરફ નાણું રોકવું એ મનમાન્યું વ્યાજ ઉત્પન્ન કરવા સાથે નાણાની સલામતી જળવાઈ શકે તેવું ક્ષેત્ર હોવા છતાં એ શેરોનો સટો પણ ખેલાય છે, અને તેથી કેટલીક વખત સારા સંજોગો હોવા છતાં શેરોમાં નાણું

રોકનારને ભાવોની સટાનામી ઉથલપાથલ વખતે નુકકશાનનો ભય પણ રહે છે.

ઇનવેસ્ટર એટલે કે સાચા નાણું રોકનારે એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે, શેરબજારના સટાવાળાઓને ઉંચે ભાવે શેરો વેચવાનું અને નીચે ભાવે શેરો પડાવી લેવાનું મુખ્ય મથક ઈનવેસ્ટરોજ છે, એટલે પુરતી તપાસ કરયા વીના ગભરાઇને વેચવું નહીં, ને અધીરા બની લેવું નહીં.

કંપનીના રીપોરટ જે બહાર પડે, તેની સાથે તેના આગલા વરસોના સરવાયાની રકમોની સરખામણી અને તપાસ પણ કરવી; ભુતકાળની સ્થીતી તપાસવી, એ ઇનવેસ્ટરો માટે અતી ઉપયોગી છે એ ભુલવું જોઇતું નથી. તે ઉપરાંત સરવાયાના અંદર બતાવાતી રકમોમાં કેટલીક બાબતો ખાસ સમજવા જાણવા અને વીચારવા જેવી હોય છે. તેમજ રીપોરટો વખતે ડાયરેકટરોએ કરેલા ભાષણોનો સાર પણ ભવીશ્યની સ્થીતી સમજવા માટે અતી ઉપયોગી થઈ પડે છે. ઇનવેસ્ટરોએ એ બધું જરૂર તપાસવું.

ઉપરની બધી સુચનાઓ નાણું રોકવા ઇચ્છનાર માણસો લક્ષ પુરવક વાંચી જાય તો દલાલને આ શેર કેવા છે? કેમ છે? વીગેરે સવાલો કરવાનું રહે નહીં, પણ ફક્ત આટલા શેર લ્યો કે આટલા શેર વેચો એટલું જ કહેવું પડે. છતાં મીલોની સ્થીતી તપાસતાં પહેલાં જે બજારમાં એ શેરોનું કામ થાય છે, તે બજાર સટાનું છે એ વાત ભુલી જવી જોઈતી નથી. અનુભવના અંતે ઘણા ઇનવેસ્ટરોને એવું સમજાયું છે કેઃ—જુટનો વેપાર જ્યાં સુધી મોનો પોલ છે એટલે કે જ્યાં સુંધી દુનીયાની શણની માગણીને બંગાળ તરફજ નજર કરવી પડે છે ત્યાં સુંધી એ શેરો લઇને રાખી મુકનારને નીચા અને અતી નીચા ભાવો જોવાનો સટા બજારનો તાપ જોવો—અનુભવવો પડયો હશે, પણ તે વખતે નહીં ગભરાનાર ઇનવેસ્ટરે પાછો ઉંચો ભાવ વરસે, બે વરસે, કે ત્રણ વરસે પણ જોયો છે. એ આ પુસ્તકના પાછલા કોઠાઓમાં આપેલા મીલના વરણન સાથે અપાયેલ વારસીક ઉંચા નીચા ભાવોની સરખામણી તપાસતાં માલુમ પડી આવે તેમ છે.

શેરોનું કામ કરવામાં ગણુતરી ઘણી ઉપયોગી થઈ પડે છે, છતાં બજારના સતાધારીઓ બજારને ગણુતરી કરતાં ઉંધે રસ્તે ભાવોને દોરવી જાય છે. આ વખતે ગભરાઇને ઈનવેસ્ટરો પોતાના પાસેના શેરો નુકશાન ખાઇને પણ કાપી નાખે છે, અને સમજે છે કે તેણે જે ગણુતરી કરી તે ખોટી હતી; વાસ્તવીક તેમ નથી હોતું, ગણુતરી તો હંમેશાં લાંબે વખતે

સાચી પડે તેવી હોય, છતાં પણ સટા બજારમાં હંમેશાં ભાવોની વધઘટ અને ચડ–ઉતર કરાવવાની રમત રમનારા ખેલાડીઓના ખેલના પરીણામે સાચા ઈનવેસ્ટરો ગભરાઇ જાય છે, અને આણીને વખતેજ નુકશાનથી પણ વેપાર કાપી નાખી કે શેરો વેચી નાખી લેવા માટે નીચા ભાવોની રાહ જુએ છે. કેટલીક વખત આમાં તેઓ કમાય છે પણ ખરા; પરંતુ મોટો ભાગ ઇનવેસ્ટરો કમાવાને બદલે જે નુકશાન કર્યું તે સહનજ કરે છે. વેચ્યા પછી તેને તલીઆના ભાવો પણ નીચા જેવાજ દેખાય છે, અને હજી વધારે ઘટશે, વધારે ઘટશેની આશામાં પાકો તે માલ પકડી શકાતો નથી. પણ ઉલટું જ્યારે ભાવોમાં એકદમ ઉછાળો આવે છે ત્યારે, રહી ગયો, રહી ગયો કરી ઉંચા ભાવે લેણ કરવા દોડે છે, અને બજારના સતાધીશ સટોડીઆઓની જાળમાં ફસાય છે.

હાલના શેર બજારોમાં દીવસ ઉગે કે કાંઈને કાંઈ ખબરપર બજારને નમાવવું અને ચઢાવવું ! છાપાઓમાં ભાવો આવે તો તે પણ સટાનાજ શેરોના ભાવો આવે. છાપાઓ મોટા મોટા હેડીંગ બાંધે કેઃ–આજે એજંટની લેવાલીથી બજાર વધી, કાલે મોટા સટોરીઆએ વેચાણ કરયા તેથી ઘટી, ફલાણી કુંપની ડીવીડંડ વધારે આપવાની છે, એટલે એ શેરો લેવા સારા છે; અને ફલાણી કંપની ડીવીડંડ ઓછા આપવાની છે એટલે એ શેરો વેચી નાખવા સારા છે. વીગેરે; વીગેરે; અનેક વીધ ખબરો ફેલાવી બજારની ચડ ઉતર કરાવવી એ સટોડીઆઓનેઃ નીત્યનો કારયક્રમ થઇ પડયો છે. એટલે શેર બજારમાં નાણું રોકનારે પોતાની પ્રકરૂતી પ્રમાણે ગણતરી ગણવી જોઇએ. જો નાણું રોકનાર ફકત પોતાનાં નાણાંની સલામતી સાથે વ્યાજ પર સંતોષ માનનાર હોય, તો તેણે લાંબી ગણતરીએ શેરો લઈ રાખી બેસી રહેવું વધારે સલામત ગણાય; સાચી જુઠી ખબરોથી બજારપર થતી ટુંક સમયની અસર પર દોડાદોડી કરે તો આ પ્રકરૂતીવાળો માણસ કમાવાને બદલે ગુમાવે. જો નાણું રોકનાર વખતો વખત તુરતજ બજારના ટોન અને ખબરો સાથે ફરી શકે તેવો હોય, નફો યા નુકશાને પણ સમય અને ખબરનો લાભ લેવાનો દાવ ખેલવાની હીંમતવાળો હોય, બજારનો ટોન જરા પલટાતાં તુરતજ વેચી શકવાની હીંમત સાથે કદાચ બજારનો ટોન વીરૂધ જતાં કાઢેલા ભાવે યા તેથી ઉંચા ભાવે પણ માલ પકડી પાડે તેવી હીંમતવાળો હોય, તો તેણે બજારના ટોનની સાથે અને ખબરોની સાથે ચાલવુંજ તેવા માટે ફાયદાકારક નીવડે. દાખલા તરીકે ઇ. સ. ૧૯૨૮ ના નવેમ્બરમાં

એવી ખબર આવી કેઃ–કલકતાની જુટ મીલો હાલ કરે છે તે કરતાં વધારે કલાક કામ કરશે; એ ખબર પાયાદાર દેખાતાં બજારમાંથી એકજ દીવસમાં મોટા શેરોમાં ૩૦–૪૦ ટકાનો ઘટાડો થયો, બે ત્રણ દીવસમાં તો બજારમાં બીજા પણ તેટલા ટકા નીકળી ગયા; બજાર પાણી પાણી થઇ ગયું, વેચનાર મળતે ભાવે વેચવા દોડયા, લેનારને ભાવોનો નીચા જવાનો ડર લાગ્યો એટલે વીચાર કરવા રોકાયા; વેચનારની ગરજ વધતી ગઇ તેમ તેમ વગર કામ થયે અથવા નજીવા કામકાજ થયે બજાર બેસી ગયો. કલકતાની મીલો વધારે કામ કરવાની વાતો તો તે પહેલાં ત્રણચાર વરસ અગાઉથી ચરચાતી હતી, અવરનવર આ ગપગોળા આવ્યા કરતા હતા, છતાં પણ આ ખબરથી હેસીઅન અને ગુણીના તેમજ જુટ અને શેરોના બજારમાં તાત્કાળીક ઘટવધ થઇ. આ વધઘટમાં બીજા વર્ગના નાણું રોકનારે તો જેવી ખબર મળી કે તરતજ માલ બજારભાવે વેચ્યો, જ્યારે પહેલા વર્ગના નાણું રોકનારે બધી બાબતોની તપાસ કરી કે, હાલના અઠવાડીઆના ૫૪ કલાકને બદલે મીલો ૬૦ કલાક કામ કરે તો મીલને ઓછો નફો થાય; તેથી બજાર ઘટે એમ ખાતરી કરી વેચવા નીકળ્યા; વીચાર કરવાને જેટલો વખત લાગ્યો તેટલા વખતમાં તો ૬૦ કલાક કામ કરે તો જેટલો ઘટાડો ભાવોમાં થાય તેટલો ઘટાડો થઈ પણ ગયો. ત્યારે પહેલાં નંબરવાળા વેચવા નીકળ્યા. બીજા નંબરવાળાએ તાત્કાળીક ગણતરી ગણી કે બજાર ઘટવું જોઇએ તેટલું ઘટી ગયું, હવે માલ પકડવો જોઇએ, કારણ કે ૬૦ કલાકના કામનું નક્કી થાય તો પણ હવે ભાવો તો પ્રમાણમાં ઘટી ગયા હોઇ ઘટવાની જગ્યા ઓછી છે; વળી કલકતાના હેસીઅન અને ગુણોના માલના ભાવો ડનડી મીલોના ભાવો કરતાં સસ્તા રહે છે, તેમજ કલકતાની મીલો વધારે કલાક કામ કરે તો ડનડીની મીલોની સામે બરાબર હરીફાઈ કરી શકે, અને પરીણામે માલનો હાલ જે ઉઠાવ ડનડીથી થાય તે કલકતાથી થાય, અને તેથી "ઓછે નફે બમણો વકરો" એ કહેવત અનુસાર નફો વધારે થાય તો નુનશાનની કસર ત્યાં નીકળી આવે. એટલે આ સટાબજારની બુમપર લાંબા વીચાર વીના ઘટેલા ભાવો એકાદું નબળું કારણ પણ મળી આવતાં વધારે વધી જશે એવો પુખ્ત વીચાર કરી; ખબરો પર ઘડીકમાં લાંબો વીચાર કરી તુરતજ કામ કરી લેનાર બીજા નંબરવાળા શેરો ઉપાડી ગયા, અને પરીણામ એ આવ્યું કે મીલ વધારે કામ કરશે પણ ૯ મહીના

પછી, આ ખબરપર બજાર એકદમ વધી ગયું. અને પહેલા નંબરવાળાએ હાથનો માલ ગભરાઇને જતો કીધો તે પાછો પકડી શકાયો નહીં. એ પરથી સમજી શકાશે કે પહેલા નંબરવાળા નાણું રોકનારા ઇનવેસ્ટરને હરઘડી ખબરો અને રૂખો મેળવી કામ કરવાથી નુકશાનીજ સહન કરવી પડે છે, જ્યારે બીજા નંબરવાળો એ ખબરો પરજ કમાય છે. એટલે શેર બજારમાં નાણું રોકનારે પોતાની બીરૂ પ્રકરતી હોય તો લાંબી ગણતરીથીજ, બજાર ઘટે તો મૂડી પર અમુક વ્યાજ છુટે છે એમ ધારી સંતોષ માનવો. (આથી એમ સમજવાનું નથી કે ઉદયોગનો સમુંગો નાશ થવા જેવી સ્થીતી દેખાતી હોય તો પણ બેસી રહેવું, એવો પ્રસંગ આવતાં નુકશાન ખાઇને પણ નીકળી જવું સલાહ કારક ગણાય.) હીંમતવાન પ્રકરતી હોય તો ખબરોની સાથે તાતકાલીક લે-વેચ કરી નાંખવી, અને તાતકાલીક ખબરો અને તાતકાલીક ગણતરી પર કામ કરવું. તે વખતે માલ બજાર ભાવથી રૂપીએ બે રૂપીએ ઓછે વેચાય છે કે રૂપીએ બે રૂપીએ વધારે લેવાય છે, તે તપાસવું કે જોવું ન જોઇએ, કારણ કે તેમ કસવા જતાં બજારનો ઘટાડાનો ટોન હોય ત્યારે લેનાર જે ભાવે લેવા નીકળ્યો હોય તે ભાવે વેચનાર તરત સોદો ન કરતાં વીચાર કરવા રોકાય, વીચાર વેચવાનો થાય ત્યારે બજારનો ટોન જોઇ લેનાર પહેલાં માંગતો હોય તેથી નીચા ભાવે માંગે, એમ થતાં કામ થઇ શકતું નથી; અને તેવો તાતકાલીક લાભ લેનાર કામ કરતો રહી જાય છે. પહેલા નંબરવાળો તો બજાર અમુક ભાવ સુધી થાય તોજ લેવું, ને અમુક ભાવ થાય તોજ વેચવું, એમ ધ્યાન રાખીનેજ બેસે; અને તે ધ્યાન સંજોગો ઉપરજ ફેરવે અને કામ કરે તોજ કમાય છે. જ્યારે બીજા નંબરવાળો તરત લે-વેચ કરવામાંજ કમાય છે, તે ધ્યાનમાં રાખવું.

ઇ. સ. ૧૯૨૮–૨૯ માં જ્યુટ મીલોના નફા પર કાપ મુકનારી બે લટકતી તરવાર.

—○:o:○—

ઇ. સ. ૧૯૨૮ ના નવેમ્બરની ૬ ઠી તારીખ ને મંગળવારે ઇનચેપગરૂપ અને બરકમાયર બ્રધર્સ તરફથી ઇન્ડીયન જ્યુટ મીલ એસોસીએશનમાં તા. ૧ લી જુલાઇ ૧૯૨૯ થી અઠવાડીઆના ૫૪ કલાકને બદલે ૬૦ કલાક કામ કરવાની દરખાસ્ત મુકવામાં આવી. જોકે આ બાબતને તેના પહેલાના બે ત્રણ વરસ અગાઉથી ચર્ચવામાં આવતી હતી, પરંતુ તે ફક્ત લટકતી તરવાર જેવીજ હતી, પરંતુ આ વખતની દરખાસ્ત તો મંજુર કરવામાં આવી હતી; કારણ કે:–હેલ્લા બે વરસથી જર્મનીની જ્યુટ મીલોમાં ૨૫ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો હતો, ડનડીની જ્યુટ મીલો પણ પુરા કલાક કામ કરતી હતી, લીડઝ, બેલફાસ્ટ અને ડનડીની જ્યુટ વણકર મીલો પણ પુરા કલાક કામ કરતી હતી, અને એ પ્રમાણે કલકત્તાની મીલો સામે પુર જોસમાં હરીફાઇ ચાલી રહી હતી; તે ઉપરાંત એટલેથી પુરૂં થાય તેમ ન હોય તેમ નીચેની વધારાની ૭ મીલો કલકત્તા ખાતે કામ કરવા તત્પર થઇ હતી.

૧ સીરામપોર પાસે નવી થતી આદમજી જ્યુટ મીલ.

૨ પ્રેસીડન્સી જ્યુટ મીલના અસલના સ્થાપક મી. એમ. બી. ઇ. લાયાસ તરફથી બરાકપોર પાસે એક નવી મીલ સ્થાપવાની કોશીશ ચાલતી હતી.

૩ મુંબઇની એક જાણીતી પેઢી તરફથી લડલો મીલ પાસે ૪૦૦ લુમથી કામ કરનારી નવી મીલ ઉભી કરવાની શરૂઆત થઈ હતી.

૪ ૫૦૦ લુમોથી કામ કરતી નવી મીલ પ્રેમચંદ મીલના નામથી શરૂ કરવાની એક મારવાડી ફરમ તરફથી શરૂઆત કરવા ચળવળ ચાલતી હતી.

૫ સુરજમલ નાગરમલ નામના મારવાડી ગૃહસ્થ તરફથી, હનુમાન મીલ નામની ૨૫૦ લુમથી કામ કરતી ચાલુ માલમાં બીજી ૨૫૦ લુમોનો ઉમેરો કરવાની શરૂઆત થતી હતી.

૬ જુગીલાલ કમળાપત નામના કાનપુરના વેપારી તરફથી ૨૫૦ લુમોની એક મીલ વધારવાની કોશીશ થતી હતી.

૭ નેપાલ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ તરફથી પણ ૨૫૦ લુમની એક મીલ ઉભી કરવાની ચળવળ ચાલતી હતી.

ઉપરની હરીફાઈને પહોંચી વળવા માટે જ્યુટ મીલ એસોસીએશનમાં ઉપરનો કામના કલાક વધારવાનો ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો, અને તે મુજબ. ઇ. સ. ૧૯૨૯ ના જુલાઈની પહેલી તારીખથી ૫૪ ને બદલે અઠવાડીઆના ૬૦ કલાક કામ કરવાનું કલકતાની મીલોએ શરૂ કીધું છે. આ કલાક વધારવાના પરીણામે મીલોના સ્ટોકમાં શું વધારો થયો તે આ પુસ્તકના પાછલા ભાગમાં આપેલા કોઠાઓ પરથી જોઇ શકાશે.

મીલોના કલાકો વધવાથી જો કે સ્ટોકમાં કાંઇ જાણવા જેવો મોટો ફેરફાર થયો નથી, છતાં હેસીઅન-ગુણીના ભાવોમાં ઘણોજ ઘટાડો થયો છે. અને તેને લીધે જુટમીલના શેરોમાં પણ ઘણો ઘટાડો થયો છે.

વધારે કલાક કામ કરવાથી સ્ટોકનો વધારો થતાં ભાવો ઘટે એ બનવાજોગ છે. જ્યાં સુધી. ૬૦ કલાક કામ કરવાનું ચાલુ રહે અને બહાર દેશાવરની સારી માંગ ન નીકળે ત્યાં સુધી હેસીઅન-ગુણીના ભાવોમાં વધારો ન થાય તે પણ બનવા જોગ છે, અને મીલોના નફા ઓછા થતાં, વ્યાજ ઓછાં મળે અને તેથી શેરોના ભાવોમાં ઉછાળો ન આવે એ પણ માનવા જેવું છે, છતાં હલના જે ભાવો ઘટેલા છે તે પ્રમાણમાં ઘણા ઘટેલા ગણાય. એકાદ વરસ કાચા જુટનો પાક ઓછો થાય, મીલ પાસે નીચા ભાવનો કાચો માલ વધી જાય, અને ભાગ્યવશાત હેસીઅન-ગુણીની સારી માંગ નીકલી આવતા શેરોના ભાવોમાં અચાનક મોટો ઉછાળો આવે. અમારૂં તો એજ માનવું છે કેઃ-કલકત્તાની માલોને વહેલે મોડે પાછું ૬૦ ને બદલે અસલના ૫૪ કલાક પર આવવુંજ પડશે, અને તેવો પ્રસંગ આવતાં અથવા તેવી બાબતની સહેજ ચોળાચોળી થતાં ભાવમાં એકાએક ઉછાળો આવે એ બનવા જોગ છે.

જ્યાં સુધી જુટનો વેપાર સલામત છે, જુટનો પાક બંગાળ સીવાય બીજું કોઇ પુરૂં પાડી શકે તેમ નથી ત્યાં સુધી, ભલે ભાવો હજુ પણ થોડા દબાય છતાં હાલના ભાવે શેરો લઇ રાખનારને અગાઉના વરસો માફક ભવીશ્યમાં સારા ભાવો જોવાનો વખત જરૂર આવશેજ.

બીજી લટકતી તરવાર.

બેંગાળના જુટના જેવો છોડ પેદા થઇ શકયો છે. એવો એક ખુમાટો ઈ. સ. ૧૯૨૯ ના એપ્રીલમાં આવ્યો. ઇગ્લાંડના લીઓનારડ બ્રાઉનીંગ

નામના એક સાયનટીસ્ટે આ છોડની શોધ કીધી છે અને તે દરેક રીતે બેંગાળના જુટને મળતો આવે છે એવી, અને તે છોડ ઉગાડવા માટે એક કંપની મોટા પાયા પર ઉભી થાય છે એવી વાતો આવી હતી, અને તે બરાબર બેંગાળના જુટની હરીફાઇ કરી શકે તેમ છે તેવા આંકડાઓ પણ બહાર પડયા હતા. આથી બેંગાળના જુટના વેપારને પુણ ધક્કો લાગવાની ભીતી બહાર આવી હતી, પરંતુ કલકતાના સ્ટેટસમેન નામના ઈંગ્રેજી વર્તમાન પત્રે જયારે એ છોડનો ફોટો પ્રગટ કીધો, ત્યારે **કોથળામાંની બીલાડી** જણાઈ આવી હતી. આ સબંધમાં ઇ. સ. ૧૯૨૯ ના ૨૭ મી. એપ્રીલના કોમર્સ છાપાના અંકમાં આવેલો આખો પેરેગ્રાફ નીચે ટાંકી બતાવીએ છીએ, કે જે પરથી એ છોડ શું? અને કેમ છે; તેમજ બેંગાળના જુટની હરીફાઇ કરી શકે તેમ છે કે નહીં? તે અપોઆપ સમજી શકાશે.

Jute in Central America?

We were momentarily appalled when, on opening last Sunday's *Statesman*, we read the flaming headline on the picture page: "Jute in Central America." The letterpress was illustrated by a processed photograph of the alleged jute, and we were gravely informed that " the cultivation of jute is now one of the main industries of San Salvador, Central America." The immediate inference was, naturally, that Bengal had lost its unique monopoly of the yellow fibre and that, therefore, the Bengal jute industry, faced by American and Continental rivalry, the foreign mills being supplied with the precious raw material from San Salvador, was rapidly drawing towards complete extinction. But upon looking carefully at the picture, we recognised the familiar *agave sisalana* of India, of the Bahamas, of the West Indies and of East Africa. It is not jute at all which, according to the illustration, is being extensively cultivated at San Salvador; and one wonders why someone on the edi-

torial staff of our illustrious contemporary did not recognise the error that had been made before the picture page received its "print order." It seems all the more strange that the mistake was not in time discovered when it is remembered that most Calcutta people–nearly all of them we imagine–must at some time or another have seen jute growing, its tall slender stems, topped by small leaves, being as dissimilar to the cactus-like *agave sisalana* as a typical sixty-years-old Whitechapel Arriet is dissimilar to the famous *Venus di Milone.*

*   *   *

